



॥ ૐ શાન્તિ : ॥





નિર્વાણ : વિ.સં. ૨૦૬૯, અષાઢ શુદ ૧૫,
તા. ૨૨/૦૭/૨૦૧૩, સોમવાર. (ગુરૂપૂર્ણિમા)

મારા વિચારો / લેખનના સ્વરૂપ દ્વારા

# સ્મરણાંજલી

અબળા કે સબળા ?


૩૦૧, રોનક એવન્યુ,
મેહુલનગર મુખ્ય માર્ગ,
જૈન દેરાસર સામેનો સીમેન્ટ માર્ગ,
જામનગર - ૩૬૧૦૦૬.
ફોન : (૦૨૮૮) ૨૭૧૦૧૪૫


વિ.સં. ૨૦૬૯, અષાઢ વદ ૧૧
(તારીખઃ ૦૨/૦૮/૨૦૧૩)
શુક્રવાર


હરિવદન શાન્તિલાલ જોશી
ડો. જોગિન જોશી અને
હિતેષ જોશી (પરિવાર સહ)

" ૐ શાન્તિઃ "

કરની કરજા ઐસી કિ જગ રોવે, તુમ હસેઃ

## <u>શ્રધ્ધાજંલી</u>



અંતિમ દિન સવારની તસ્વીર
તસ્વીરઃ ચિ. ઋષિ દવે (અમારો દોહિત્ર),
(સ્વઃ) ઈન્દુમતી હરિવદન (ભટ્ટ) જોષી
જન્મ : ૧૮/૧૦/૧૯૩૮
નિર્વાણ : વિ.સં. ૨૦૬૯, અષાઢ શુદ ૧૫,
તા. ૨૨/૦૭/૨૦૧૩, સોમવાર. (ગુરૂપૂર્ણિમા)

### 'મારૂં જીવન દર્શન'

કુદરતદત એક જોડકુ : 'જન્મ – મૃત્યુ' ની પરંપરા, નકકી થયેલા સમય મુજબ જ નિરંતર ચાલ્યા કરે છે. તેમાં કોઈ જ ફેરફાર આજસુધી કોઈ કરી શકાયું નથી.

જે જીવ જન્મ લે છે : તનું મૃત્યૃ સમયમર્યાદામાં થતું જ રહે છે. એમાં કોઈ જ ફેરફાર કયારેય થયેલો નોંધાયો નથી.

આ બેય કુદરતના નિયમ અનુસાર કાર્ય કરતા રહે છે. જન્મથી લઈએ અનિવાર્ય મૃત્યુ સુધી, જીવ જે જે સારાનરસા કાર્યો કરે છે, તેની વચ્ચેનો સમયગાળો એ જ, 'જીવન યાત્રા'.

આ 'જીવન યાત્રા' ની સફળતાની ગુરૂચાવી, આપણાં સંતો – મહંતોએ અતિ ટૂંકી રીતે, થોડા સરળ શબ્દોમાં આલેખી છે. આ છે : ' તૂં આવ્યો જગમાં ત્યારે તૂં રોવે, જગં હસેઃ કરણી કરી જા એવી કે તૂં હસે, જગ રોવે'. 'કેટલું જીવ્યો તે મહત્વનું નથીઃ પરંતુ કેવું જીવ્યો એ અતિ મહત્વનું છે.

આપણા થી કોઈનું સારૂં ન થાય તો કંઈ નહીઃ પરંતુ બુરૂં (ખરાબ) તો ન જ થાય, તે માટે સદા જાગ્રતતા રાખવી. પર્યાવરણને બચાવવા પણ આપણાંથી આટલું તો વગર મહેનતે કે <u>વગર નાણાં ખર્ચે, થઈ શકે છે</u> અને તે છેઃ 'વૃક્ષો વાવો નહીં તો કંઈ નહીઃ પરંતુ કાપો નહિં જ'.

લાંબું જીવનાર સમાજ માટે કશું સારૂં યોગદાન નથી આપી શકતો. પરંતુ ટૂંકું જીવન જીવનાર સમાજ માટે 'દિવાદાંડી' રૂપ સાબિત થાય છે. આવા દાખલાઓ ઈતિહાસના પાનાંઓ પર આજ પણ જીવંત છે.


આજના દિનની જ જો વાત કરીએઃ તો પૂં. વિવેકાનંદજીએ પોતાની ટૂંકી જીવનયાત્રા દરમ્યાન સમાજને કેટલી કેટલી વિશિષ્ટતાઓનું યોગદાન આપ્યું છેઃ તે યાદ કરીએ. તેમાંથી બોધપાઠ લઈએઃ કે

આપણે પૂં વિવેકાનંદજી જેવા મહાન વિભૂતિ ન થઈ શકીએ તો કંઈ નહિઃ પરંતુ ૨૧ મી સદીમાં 'દાઉદ' તો નહીં જ થઈએ.

આ તકે એક અંગ્રેજીમાં લખાયેલું સુવાકય અત્રે પ્રસ્તુત કરૂં: તો અસ્થાને નહીં લેખાય (આ લખાણની ધાતુની કાળા રંગની પ્લાસ્ટીકમાં સોનેરી ઉપસાવેલા અક્ષરોવાળી નાનકડી તકતી, મને એક મારા શુભચિંતકે ભેટ આપેલી છે, તેમાંથી લીધું છે). ' I SHALL PASS THROUGHT THIS WORLD, BUT ONCE ANY GOOD THING THAT I CAN DO, OR ANY KINDNESS THAT I CAN SHOW TO ANY HUMAN BEING, LET ME DO IT NOW AND NOT DEFER IT, FOR I WILL NOT PASS THIS WAY AGAIN' આ અંગ્રેજી લખાણની તુલના, આપણાં સંતો - મહંતોએ આપેલા ઉપરોકત સુવિચાર / શીખ સાથે સરખાવીએ, તો આપણાં સંતો - મહંતોએ કેટલા થોડા શબ્દોમાં 'ગાગરમાં સાગર સમાવી લીંધો છે'. તેની મહાનતા આપોઆપ છતી થતી જોઈ શકાય છે.

આવા કુદરતદત તદન જીવન-મૅત્યુ સમયે, આપણે સમાજ અને આપણે પણ જૂદી જુદી પ્રક્રિયાઓ દર્શાવીએ છીએ. જન્મ સમયે હર્ષોલ્લાસ અને તેનાથી ઉલ્ટું મૃત્યુ સમયે અનેમ જાત જાતના રીવાજો, જેમાં કુદરતની જ આ ક્રિયા હોવા છતાં શોકમય વાતાવરણ આજુબાજુ ચોમેર ફેલાવીએ છીએ અને તેનાથી થોડું જૂદુ આચરનારની ટીકા કરીએ છીએ. મૃત્યુંથી દુઃખ થાય તે સ્વાભાવિક છે. પરંતુ તેને જુદા જુદા, અન્યને નડતર થાય એવા રિવાજોમાં તો અવશ્ય ન જ બાંધી રાખીએ.

મૃત્યુંમો મલાજો ફકત પ્રભુ સમક્ષ નતમસ્તકે, મૃતકની શાંતિ કાજે ગમે તે સ્થળે પ્રાર્થના કરીને જાળવીએ એ જ મૃતકને આપણી સાચી શ્રધ્ધાંજલી બની રહે. // ૐ શાન્તિઃ //




- મારી કૃતિ '૧૦૮' બુધ્ધિના અંકુશ જાપ માંથી

## 'શું સ્ત્રી પુરૂષ સોમવડી છે ?'

' જનની જણ તો ભગત જણ, કાં દાતા, કાં શૂરઃ નહી તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર'. આટલામાં તો જાણે સર્વોપરીતાના સાગરને ગાગરમાં જ ઠાંસી ઠાંસીને ભરી દીધો છેઃ તેના રચયિતાએ.

અત્યારના પ્રવર્તમાત સમયની અતિ જાણીતી વ્યકિત, જે 'સંત શ્રી મોરારિબાપુ' ના નામથી ઓળખાય છે અને જગતમાં જેના નામનો ડંકો વાગી રહ્યો છે. તેને તે કક્ષાએ પહોંચાડવામાં કોનું યોગદાન છે? અલબત બબ્બે સ્ત્રીઓઃ માતા અને પત્ની નું જ સ્તો.

ભવ્ય ઇમારતની જ સર્વત્ર પ્રશંસા થતી હોય છે. નહીં કે તેના પાયાના પથ્થરો કે જેના પર તેની ભવ્યા સજાર્ઈ છે. આ સત્ય રખેને ભૂલાય.'પાયાના પથ્થર' હંમેશા ગુપ્ત રહે છે. જેને તે જાણે એ જ જાણે. પ્રથમ માં, ગર્ભાવસ્થાથી લઈને યુવાનીમાં પગ માંડે ત્યાં સુધીમાં પોતાના એ બાળકમાં ઉચ્ચતમ આહાર, આચાર,વિહાર અને વિચાર દવારા એવા જ સંસ્કારોનું સિંચન કરે છે.

એ બાદ પત્ની તરીકે આવનારી સ્ત્રી પણ તે સંસ્કારોને પોતાના પુરા સહકારથી બળવતર બનાવવામાં પોતાનું યોગદાન આપતી હોય છે. જો તેણીમાં પણ એવા જ ઉચ્ચતમ સંસ્કારોનું સિંચન થયું હોય તો, આવા જ સંસ્કાર પામેલો માનવી સિધ્ધિના સોપાન સર કરી શકતો હોય છે. અન્યથા બધું જ વ્યર્થ. સંત શ્રી મોરારિબાપુને આવી જ બબ્બે સ્ત્રીઓનું યોગદાન પ્રાપ્ત થતાં, હાલ એમના નામનો ડંકો સર્વત્ર વાગી રહયો છે. આ તો એક તાજું દષ્ટાંત છે. બાકી તો દરેક મહામાનવની સિધ્ધીમાં સ્ત્રીઓનું જ યોગદાન રહેલું છે. <u>પાયાના પથ્થર કયારેય બહાર દેખાતા નથી જ.</u>

સ્ત્રી પવિત્ર સારા સંસ્કારવાળઈ હોય, તો જ મહાપુરૂષ તેની કુખે જન્મે છે 'હિરણકશ્યપુ' રાક્ષસ હોવા છતાં તેની પત્ની આવી સંસ્કારી હોતાં જ ભકત પ્રહલાદ તેની કૂખે અવતર્યા. રાક્ષસીણીની કૂખે આવું સંભવી જ કયાંથી  શકે ! રાક્ષસીણી એટલા શિંગડા, મોટા દાંતવાળી નહીં. પરંતુ સમાજને પીડતા એવા ભૂરાયા યુવાનો, આંતકવાદીઓ, નબળા તન ને મન ધરાવતા યુવાનો, માયકાંગલા, સૌને નડતા, બીજોનો વિચાર ન કરી ફકત પોતાની જ ધૂનમાં જ સમયને બરબાદ કરનારાઓને જન્મ આપતી એ 'નબળી કૂખ' વાળી સ્ત્રીઓ.

આતતાયીઓથી બચાવવા માટે બ્રહ્મા,વિષ્ણું,મહેશ જેવા ત્રિદેવો પણ ત્રસ્ત સમાજ માટે કશું કરી શકેલા નહીં. એ માટે પણ તેઓએ પોત પોતાની શકિતઓ થોપીને, તેના મિશ્રણ યુકત સર્જન એવી નારીનું જ શરણું લેવું પડેલું ને ! આવી માં જગદમ્બા જ આતતાયીઓનો નાશ કરી શકયા. <u>સમાજને કયારેય પુરૂષ નહીં સુધારી શકે. તે તો સ્ત્રીશકિત જ કરી શકશે. 'વિચારો અને જાગો'</u>

'यत्र नार्यस्तु पूजयन्ते, तत्र रमन्ते देवताः'

– મારી કૃતિ '૧૦૮' બુધ્ધિના અંકુશ જાપ માંથી

## 'માઁ' ને 'માતૃભાષા' ની જોડ : જગે નહીં જડે રે લોલ !

'માં તે માં, બાકી વગડાના વા' ઉકિતને, આપણે 'માતૃભાષા' ની સાથે પણ સાંકળી શકીએ છીએ. સંસ્કૃત આપણી 'માં' છે અને આપણી બધી ભારતીય ભાષાઓ તેની પુત્રીઓ છે. આ દ્રષ્ટિએ આપણી ગુજરાતી ભાષાની તે બધી ભાષાઓ સગી બ્હેનો છે.આપણી ભાષામાં તે કોઈ ભાષાના શબ્દો આવે તો તે ક્ષમ્ય લેખાય. પરંતુ વિદેશી ભાષાઓના શબ્દો ભલે તે અતિસુંદર કેમ ન હોય, તે ક્ષમ્ય લેખી જ ન શકાય. કારણકે તે આપણી ગુજરાતી ભાષાની સગી બહેનો નથી. 'માસી' ગમે તેટલી સ્વરૂપવાન કેમ ન હોય, તેને માં નો દરજજો આપી જ કેમ શકાય ! આમેય આઘે આઘે થતી બ્હેન એવી અંગ્રેજી માટે આપણે ઘેલા ન જ થવાય.

જો...જો...'કાઉ' જો....'ડોગી' ! જો બેટા... 'પપ્પા'! બોલ બેટા.... કેવો 'કલર' ? જો, 'રેડ', 'બ્લયૂ, 'ગ્રીન', 'વ્હાઈટ' ! બેટા, 'વન-ટુ-થ્રી' બોલતો ! આવા પોતાના ઉગતા ને બોલતાં શીખતા શિશુઓને, અંગ્રજી માધ્યમમાં ભણેલી કે તેના જ મોહમાં આંધળી થયેલી કે આધુનિક કહેવડાવા લ્હાયમાં શિખવતી માતાઓના ઉદગારો સાંભળીને અમારા જેવા જૂની પેઢીના અને રાષ્ટ્રની શાનની સમજ ધરાવતા વૃધ્જનોનું શિશ શરમથી ઝુકી જાય છે. અરે વાત આટલેથી જ અટકતી નથી. આવી અંગ્રેજી માધ્યમાં ભણેલી માતાઓ તો ત્યાં સુધી બેધડક કહી શકે છે. કે અમને ગુજરાતી બોલતા આવડે, વાંચતા મુદલ ન આવડે.

બાળકોને રમતાં રમતાં જ રંગોની ઓળખ થઈ જાય તેવી એક જૂની કહેવત,'લાલ, પીળો ને વાદળી મૂળ રંગ કહેવાય : બાકીના બીજા બધા મેળવણીથી થાય' - તે પણ ન જાણતી આધુનિક માતાઓ, જયારે ખુદ પોતાના શિશુઓને માતૃભાષાની અવગણનાની 'ગળથૂથી' નું સિંચન કરતી હોય ત્યારે આવી માતાઓની અવગણના, બાદમાં તે શિશુઓ પૂખ્ત વયે કરે, તો તેનું શું આર્શ્ચ્ય !

આવી માતાઓની કૂખે,સંત,શૂરા કે દાતા કયાંથી પાકે ! આવા હાલના માહોલમાં આઝાદી અપાવનાર આપણાં શૂરવીરો,શહીદોની આંતરડી ત્યાં સ્વર્ગમાં બેઠા પણ કેવી કકળતી હશે !

વચ્ચે થોડું આપણાં 'દશ્ય-શ્રાવ્ય' ગુજરાતી માધ્યમોની વાત કરી લઈએ,તો તેમાં પ્રસારીત થતા ગુજરાતી કાર્યક્રમોમાં પણ અંગ્રેજી ભાષાના શબ્દોની તો લાંબી ભરમાર, કારણકે તેમાં સહયોગ આપનારા બધા જ 'અંગ્રેજી માસી' થી વધુને વધુ પ્રભાવિત !

હવે તો એવું જોવા મળે છે : કે હિન્દૂધર્મીઓ જ પોતાના ધર્મસ્થાનો પાસેથી ચાલતા કે વાહનપર પસાર થતી વેળાએ, 'ક્રોસ' ની અદાએ નમન કરતા પસાર થાય છે. ખેર! આપણી સંસ્કૃતિનો જેટલો વિનાશ અઢીસો વર્ષના આપણાં પરના શાસનકાળ દરમિયાન, વિદેશી એવી અંગ્રેજી હકૂમતે નથી કર્યોઃ તેટલો નહીં પણ તેનાથી અનેક ગણો વધુ આપણાં લોકશાહી શાસનના આટલા જ વર્ષોમાં આપણા હાથે જ આપણે કરી રહયા છીએ.

આવીએ મૂળ વાત પર 'અંકલ', 'આન્ટી', 'ડેડ', 'મોમ' વગેરે સંબંધોના શબ્દો શીખવતી માતાઓ, એ કયાંથી જાણતી હોય કે આપણી ગુજરાતી ભાષામાં સંબંધદર્શક શબ્દોની કેટલી વિપુલતા છે કે જે બોલતા, સાંભળતાવેત જ બન્ને વ્યકિત વચ્ચેના સંબંધ શું છે. તેની આપોઆપ ઓળખ થઈ જાય. લો આ રહયા તેવા 'સંબંધ સમૂહો':

| | | |
|---|---|---|
| પરદાદા-પરદાદી | દાદા-દાદી | પિતા-માતા |
| કાકા-કાકી | ફઈ-ફૂઆ | (બા/માં-બાપુજી) |
| અદા-ભાભૂ | પૌત્ર-પૌત્રી | દોહિત્ર-દોહિત્રી |
| પુત્ર-પુત્રવધુ | દીકરી-જમાઈ | ભત્રીજા-ભત્રીજી |
| પિતરાઈ ભાઈ/બહેન | ભાઈ-બહેન | બ્હેન-બનેવી |
| ભાઈ-ભાભી | નણંદ-ભોજાઈ | |

<u>નોંધ :-</u> વચ્ચેટ કાકા,મામા,કાકી,માસીની ઓળખ આગળ 'જી' લગાડતા જ મળી જાય.

| | | |
|---|---|---|
| પરનાના-પરનાની | નાના-નાની | મામા-મામી |
| માસા-માસી | પિતરાઈ મામા-મામી | પિતરાઈ માસી-માસા |
| ભાણેજ-ભાણી | સસરા-સાસુ | જેઠ-જેઠાણી |
| દિયર-દેરાણી | નણંદ-નણદોઈ | સાળો-સાળાવેલી |
| સાળી-સાઢુભાઈ | (મોટી સાળી'પાટલા સાસુ') | |
| વેવાણ-વેવાઈ | (બન્ને પતિ - પત્નિ સંબંધે) | |

<u>નોંધ :-</u> -પતિ-પત્નીના સંબંધમાં થતા સંબંધોની પાછળ 'જી' લાગતા ઓળખ મળી જાય દા.ત. મામાજી,ફુઆજી ઈત્યાદિ.

<u>વિસરાતા શબ્દો :-</u>

| | | |
|---|---|---|
| વાં-પણે-ઓલીપા-પેલીપા | = | ત્યાં,પેલી બાજુ |
| ઓરૂં,ઢૂંકડું | = | નજીક |
| આંયા-આંઈ | = | અહીં |
| આઈવો-ગ્યો | = | આવ્યો-ગયો. |

બ્હેનપણી, ભાઈબંધ,બાળગોઠીયો,મિત્ર(બધામાં માત્ર Friends જ નહી) 'સર' નહી : ગુરૂજી - સાહેબ. 'મેડમ' નહી : 'બ્હેનજી'- 'બ્હેન'

ઈત્યાદિ........ઈત્યાદિ.......

- મારી કૃતિ '૧૦૮' બુધ્ધિના અંકુશ જાપ માંથી

## <u>મારૂં સ્ત્રી - દર્શન.</u>

નારીને પુજવી એટલે કે સાત્વિક રીતે તેનામાં રહેલા ગુણોના ભંડારને સદા યાદ રાખવા અને કદર કરવી.

પૂરાણકાળથી આજના આધુનિક યુગ સુધી સુધ્ધાં સ્ત્રીને શ્વસુરગૃહે જ કાયમી રીતે નિવાસ અર્થે વળાવવામાં આવે છે, તેવું શા માટે? પુરૂષ માટે આવી કલ્પના કરીએ તો?

કારણ ફકત એટલું જ કે કુદરતે તેનામાં સહજ લાક્ષણિકતા એ મૂકી છેઃ કે યુવાનીના ઉંબરે પહોંચતા

તેને શ્વસુરગૃહે વળાવવાની પોતાનુ સભ્ય ઘણી સરળતાથી મીટાવીને સદાને માટે નવા ગૃહે પોતાનું ગણીને,ત્યાંના સર્વે કુંટુંબીજનોમાં 'દૂધ માં સાકર' ની જેમ ભળીને, સંસારજીવનને મીઠાશભર્યુ બનાવી દે છે. પિયરને સદાને માટે પોતાનું ગણવાનું માનસીક રીતે પણ ભૂલીને પારકું ગણતી થાય છે. અને ત્યાં મહેમાન બનીને જ જતી-આવતી રહે છે. જોકે શ્રી મોરારીબાપુના શબ્દોમાં કહીએ તો દરેક નિયમમાં અપવાદ હોય છે. તેમ આમાં પણ 'કૈકેયી અને મંથરા' જેવા પાત્રો યુગે યુગે અવતરતા હોય છે.

દરેક સફળ પુરૂષની સફળતા પાછળ સ્ત્રી જ રહેલી હોય છે. કારણકે તે માટે ત્યાગ મૂર્તિ સ્ત્રીનું જ સંપૂર્ણ યોગદાન હોય છે. જો કે તેમાં પણ અપવાદ હોય શકે.

પૃથ્વીનો છેડો 'ઘર' અને આ 'ઘર' સ્ત્રી વિના અધૂંરૂ જ રહે છે. એકલો રહેતો પૂરૂષ અને એકલી રહેલી સ્ત્રીના ઘરની તુલના કરીએ, તો પુરૂષનું ઘર તે 'ઘર' નહિં પણ 'ધર્મશાળા' નજરે તરી આવે છે. જયારે સ્ત્રીનું ઘર તે 'ઘર' અવશ્ય લાગશે જ. અપવાદ હોઈ શકે.

વિધવા થતા સ્ત્રી શેષ જીવન સહેલાઈથી જીવી શકતી હોય છે. જયારે વિધૂર હેરાન પરેશાન થતો સરળતાથી દીસે છે.

આસૂરી શકિતના સંહાર માટે દેવોએ પણ 'માં-શકિત' ને જ વિનવી પડે છે. અને હાલમાં પણ શતમુખી વિનીપાત તરફ ઘસડાતા જતા આપણા સમાજને બચાવવા માટે પણ સ્ત્રી શકિત જ સક્ષમ થઈ રહેવાની છે. ઈતિહાસ સાક્ષી છે.

પૂરૂષના જીવનમાં માતા-મિત્ર-રંભાનો વિવિધ પાઠ સરળતાથી ભજવતી એવી સ્ત્રીને શત શત વંદન.

## વિચાર વલોણું

- તમારા 'પગારદિન' ને 'બચત દિન' મનાવોઃ વ્યર્થ 'ખર્ચ દિન' નહિ. કારણકે 'જુવાની' ની 'કમાણી' 'બુઢ્ઢાપા' માં 'સમાણી'.
- પોતાની 'મજા' બીજાને માટે 'સજા' તો બનતી નથીને તે વિચારીને જ તમારૂં જીવન ગોઠવો અને ચોમેર સુખ-શાંતિ ફેલાવવામાં સહભાગી બનો.
- જંગલી અવસ્થામાંથી સુવ્યવસ્થિત અને સુમેળભર્યા બનેલા જીવન માટે ઘડાયેલા ક્રમશઃ નિતી-નિયમોનું સ્વેચ્છાએ પાલન કરો. બધા જ કાનૂનો તમારા ભલા માટે જ ઘડાયેલા છેઃ તે કયારેય ન ભૂલો.

।। सर्वे जनाः सुखीनो भवन्तू ।।

।। इति सुभम् ।।

- મારી કૃતિ '૧૦૮' બુધ્ધિના અંકુશ જાપ માંથી

## 'જીવન એટલે ?'

('જીવન' એટલે આગોતરા પરમ શકિતએ નિશ્ચિત કરેલ ધબકારા / ક્ષણોનો સમૂહ............)

વાંચક/ રખે માનતો કે આ આપણો માનવદેહ સ્વયં ચાલિત ઉર્જા ઉત્પન્ન કરતું યંત્ર 'જનરેટર' છે. આ તો ફકત પરમ શકિતએ અગાઉથી નિશ્ચિત માત્રામાં ભરેલી ઉર્જા શકિત ધરાવતું યંત્ર સ્ટોરેજડ બેટરી જ છે. સ્ટોરેજ એટલે કે ચાર્જબેટરી જ છે. જે કયારેય રીચાર્જ (પૂનઃ શકિત સિંચન)થઈ શકતી નથી. આ તો પરમશકતી એ આગોતરા નિશ્ચિત સંખ્યામાં ધબકારા, ક્ષણો રૂપી શ્વાસોશ્વાસ ની ઉર્જા શકિત ભરીને તેના સદુપયોગ અર્થે આ યંત્રને પૃથ્વીપર રમતું મુકવું છે.

આ યંત્રની જીવંત કાર્ય શકિત કેટલી ? રખે; માનતો કે આપણી ઈચ્છા અનુસાર ની. ચાલ; તો આપણે તેની ગણતરી માંડીએ, આપણા માપદંડ થી.


ક્ષણ, ધબકાર, પળ ને છેલ્લો હાલ ચાલતી ગણતરીના માપદંડઃ સેકંડ – મીનીટ – કલાક – દિવસ – માસ – વર્ષઃ અનુસાર એક મીનીટની ૬૦ સેકંડ, ૬૦ મીનીટનો એક કલાક (૬૦×૬૦ = ૩૬૦૦ સેકંડ), ૨૪ કલાકનો દિવસ (સેકંડ ગણીને કરો), ૩૦ દિવસ ને ૧ મહિનો (સેકંડમાં ગણત્રી કરો) અને ૧૨ મહિનાનું એક વર્ષ (સેકંડમાં ગણત્રી કરો). આમ એક વર્ષથી સેકંડ ની ગણત્રી કરશો તો આંકડો કેટલો વિરાટ હશ, કદી કલ્પ્યું છે? નહિને?


હવે આપણી સમગ્ર જીવનયાત્રાના કાર્યરત વર્ષોની યુગથી કરીએ.તો આવશે અક્ષરો ફકત વર્ષ ૪૦ થી ૫૦ છે. ફકત આ દરમ્યાન આપણામાં શકિતનો પૂંજ ભરપૂર રહેવાનો. એ બાદ કદાચ જીવન ધબકતું રહેશે. પરંતુ કાર્યશકિત ઉતરોતર ઘટતી જવાની.આથી આપણે એ વિચારવાનું છે કે આપણને પરમશિકતએએ કુલ સેંકંડોના આપણે ભરપૂર ઉપયોગ કઈ રીતે કરવો રહેશે. આ ગણતરી મુજબ આપણને એક પણ સેકંડનો વ્યય કરવાનો અધિકાર નથી. શરીરને જરૂરી આરાક કે આહાર/વિહાર/વિચાર માટેના સમય સિવાયના એક એક પળ (ક્ષણ) સેકંડ કે જેનો જથ્થો જે આગોતરો નિશ્ચિત જ છે. તેથી તેનો મહતમ સદઉપયોગ કરી લેવો.

બાદમાં 'અબ પછતાયે કયા હોગા : જબ ચિડીયા ચૂગ ગઈ ખેત' જેવું ન બનવા પામે. માટે વિચારોઃ જીવન ગોઠવો ને જીવનને સદુપયોગ કરવા મંડી રહો. અન્ય સંપતિ હશે, પાછી મેળવી શકાશે. સમયની સંપતિ કયારેક નહીં. આવતીકાલનો વિચાર નહિં કરનારનો વિચાર, 'આવતીકાલ'પણ 'આજ' બને ત્યારે કરતી નથી.

આજનું કામ કાલ પર ન છોડો. જૂની ઉકિતને સદા અનુસરો. 'કલ કર સો આજ કર' આજ કર સો અબ' માનવ જાતનો સૌથી મોટો દુશ્મન 'આળસ' છે. તેને 'દેશવટો/ઘરવટો' આપો. એક પણ સેકંડને હાથમાંથી સરકવા ન દો. આ વિચારો, ગમે તો તમારાઃ ન ગમે તો પરત.

'इति सुभम्'





## જીવનમાં ઉપયોગી :

૧. સૌથી કમનસીબ બાળક એ; કે જેના માં-બાપ તેની દરેક માંગ કોઈપણ સંજોગ, સમય કે સ્થળે પરિપૂર્ણ કરે.


૨. 'લાડ' નો બાળકને અધીકાર. 'ભૂખ લાડ' નો કયારેય નહી.

૩. વૃક્ષની જેમ બાળકોનો ઉછેર પણ જેવો કરશો, તેવો જ થશે.

૪. બાળકને કયારે પણ પરાવલંબી ન બને તેના માટે તેની પાસે તે કરી શકે તેવા પોતાના કામ ઉમર મુજબ કરવા દો.

૫. બાળકને વાંચનનો શોખ કેળવો તેમજ માતૃભાષાથી દૂર ન જાય તેનો ખાસ ખ્યાલ રાખો.

॥ ૐ શાન્તિ : ॥



- લેખક